GJSK040027932025	આંક–	
	કેસ દાખલ તા:	૧૭/૦૭/૨૦૨૫
	કેસ રજી.તા:	૧૭/૦૭/૨૦૨૫
	કેસ ફેસલ તા:	૨૨/૦૭/૨૦૨૬
	સમય ગાળો:	વર્ષ–માસ–દિવસ

<u>–: નમુનો – અ :–</u>

મે. એડી. જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ઈડર. ચુકાદાની તા.૨૨/૦૭/૨૦૨૬ ફોજદારી કેસ નં.૨૩૧૯/૨૦૨૫	
ગુનાની કલમ	ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮
પ્રથમ માહિતી અહેવાલ નંબર	પ્રાઇવેટ ફરીયાદ
ફરીયાદી	ભરત ઓટો ફાઇનાન્સના વહીવટકર્તા, વૈશાલી પ્રતિકકુમાર બારોટ, ઉ.વ.૩૩, ધંધો–વેપાર, ઠે.શોપ નં.૧૦, સાબર કોમ્પલેક્ષ–એ, કુસકી તા.ઇડર, જી.સાબરકાંઠા.
ફરીયાદી તરફે વિ.વ.શ્રી	જી.એસ.સોની
આરોપી	કાંન્તીભાઇ કાળાજી ચૌહાણ, રહે.વનરાવન હાઇવે, મણિયોર, તા.ઇડર, જી.સાબરકાંઠા.
આરોપી તરફે વિ.વ.શ્રી	એ.જે.મનસુરી/જી.આઇ.કુંપાવત.

<u>–: નમુનો – બ :–</u>

પ્લી નોંધ્યા તારીખ	૩૧/૦૧/૨૦૨૬
ચુકાદો માટે રાખવાની તારીખ	૨૨/૦૭/૨૦૨૬
ચુકાદાની તારીખ	૨૨/૦૭/૨૦૨૬
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	–

:: આરોપીની વિગત ::

નં.	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુકિત તારીખ	ફરીયાદ	શું નિર્દોષ છોડયા / સજા કરી	કરવામાં આવેલ સજા
૧	કાંન્તીભાઇ કાળાજી ચૌહાણ	–	–	ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮	નિર્દોષ	–

:: નમુનો – ક ::

ફરીયાદી તથા આરોપી તરફે રજુ થયેલ પુરાવો

અ. ફરીયાદપક્ષ

અનુ.	આંક	વિગત
૧.	૦૪	ફરીયાદી વૈશાલી પ્રતિકકુમાર બારોટનું સરતપાસનું સોગંદનામું
૨.	૧૦	આરોપીએ ફરીયાદીને આપેલ અસલ ચેક
૩.	૧૧	બેન્કે આપેલ રીટર્ન મેમાંની નકલ
૪.	૧૨	આરોપીને આપેલ નોટીસની ઓફીસ કોપી
૫.	૧૩	આરોપીને નોટીસ આરપીએડી કર્યાની પોસ્ટની અસલ પાવતી
૬.	૧૪	આરોપીને આપેલ નોટીસની પોસ્ટની ઓનલાઇન સ્લીપ
૭	૧૫	લાઇસન્સની નકલ

–:: ચૂ કા દો ::–

૧. ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ફાઈનાન્સ ધરાવે છે અને જેની રજીસ્ટર્ડ ઓફીસ ઇડર ખાતે આવેલી છે જેની મેઈન શાખા પણ ઇડર મુકામે આવેલી છે અને રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની ગાઈડલાઈન મુજબ ધિરાણ આપે છે અને જે અંગેનું ફરીયાદી લાઈસન્સ પણ ધરાવે છે, જેનો રજિસ્ટર્ડ GMLSAB2425000015 છે. આ કામના આરોપીએ ફરીયાદીની ફાઈનાન્સમાંથી અંગત જરૂરિયાત સારુ ધિરાણની માંગણી કરેલ. જેથી ફરીયાદીની ભરત ઓટો ફાઈનાન્સમાંથી આરોપીનેરૂા.૨,૦૦,૦૦૦/– નું ધિરાણ તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ આપેલું. જે સદર રકમ આ

કામના આરોપીએ ૩ માસમાં ચૂકવી આપવાના વાયદે લીધેલ અને તે અંગે આ કામના આરોપીએ ફરીયાદીની ભરત ઓટો ફાઈનાન્સને પરત ચુકવણી પેટે ચેક નં.૦૩૦૩૪૮ આ કામના આરોપીએ તેઓના હસ્તાક્ષરમાં ભરીને તથા સહી કરીને તેઓની ચાલતી બેંક ખાતાનો ચેક આપેલ અને જણાવેલ કે, ૩ માસમાં સદર રકમ ચૂકતી ન કરી શકીએ તો સદર ચેક નં.૦૩૦૩૪૮ ફરીયાદીની બેંકમાં ભરતા પુરેપુરા નાણાં મળી જશે. આ કામના આરોપીએ વાયદા પ્રમાણેનાં ૩ માસ થઇ ગયેલ. જેથી ફરીયાદીની ભરત ઓટો ફાઈનાન્સએ કાયદેસરની લેણી રકમની ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદીને કહેલ કે,અમોએ આપેલ ચેક નં.૦૩૦૩૪૮ જે ફરીયાદીની બેંકમાં ભરતા પુરેપુરા નાણાં મળી જશે" તેવો પાક્કો વિશ્વાસ અને ભરોશો આપેલ. જેથી આ કામના આરોપીના કહેવાથી ફરીયાદીએ કાયદેસરની લેણી રકમની લેવા સારુ આ કામના આરોપીએ આપેલ રૂા.૨,૦૦,૦૦૦/– નો ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મણિયોર શાખાનો ચેક નં. ૦૩૦૩૪૮ તા.૨૬/૦૪/૨૫ નાં રોજનો આરોપીનાં હસ્તાક્ષરમાં ભરેલો તથા સહી કરેલો ચેક ફરીયાદીએ તેમનાં ચાલતા ખાતા બેંક ઓફ બરોડા ઇડર શાખમાં તા.૦૫/૦૫/૨૫ નાં રોજ જમા કરાવતાં આરોપીના ખાતામાં ક્લીયરરંસ થવા જતા તા.૦૬/૦૫/૨૫ નાં રોજ આરોપીના બેંક ખાતામાં સદર ચેકની રકમ જેટલું પુરતું ભંડોળ ન હોઈ ચેક સ્વીકાર્યા વિના વિધાઉટ પેમેન્ટ ચેકનાં રીટર્ન મેમાના કારણ '' ફંડસ ઇન્સફીશીયન્ટ'' નાં શેરા સાથે ઉપરોક્ત ચેક પરત આવેલ. જેથી સદર ચેક ફરીયાદીને રીટર્ન મેમા સાથે પરત મળતા ફરીયાદીએ આરોપીને જાણ કરેલ જેથી આરોપીએ ફરીયાદીને ઉડાઉ જવાબ આપેલ અને નાણાં ન ચૂકવા સારું ફરીયાદી સાથે શોભે નહી તેવી ગેરવર્તણુંક કરેલ જે જરાપણ યોગ્ય કે શૌભાસ્પદ ન હતી. જેથી સદરહુ ચેકની રકમ વસુલ મેળવવા સારૂ તેઓના વકીલ શ્રી ગાયત્રી એસ. સોની મારફતે તા.૦૨/૦૬/૨૫ નાં રોજ રજી.પો.એડી.થી આરોપીને

સાચા સરનામે નોટીસ આપેલ. જે નોટીસ આરોપીને તા.૩/૬/૨૫ ના રોજ કાયદેસરની બજવણી થઇ ગયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો પણ કોઇ જવાબ આપેલ નથી. આમ, ફરીયાદીને ચેકની રકમ વસુલ અપાવવા તેમજ ફરીયાદીને આરોપી પાસેથી મળવાપાત્ર વળતરની રકમ અપાવવા વિનંતી કરેલ છે તેમજ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઇ અન્વયે સજાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

૨. આમ, આરોપીએ ઉપરોકત રીટર્ન થયેલ ચેકના નાણાં ફરીયાદીને ચુકવી આપેલા નથી કે ચુકવી આપવા અંગે કોઇ તૈયારી દર્શાવેલ નથી તથા રીટર્ન થયેલ ચેકના નાણાંની માંગણી કરવા છતાં પરત ન કરી આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઇ અંગેનો ગંભીર ગુનો કરેલ છે.

<u>આરોપીની પ્લી બાબત :–</u>

૩. આ કામના આરોપીને સમન્સ કરતાં આરોપી વકીલ મારફતે હાજર થઇ આરોપીની આંક–૦૯ થી પ્લી રેકર્ડ કરેલી, જેમાં તેઓએ ગુનો કબુલ નથી તેવુ જણાવતાં હોય આરોપીને ફરીયાદીના તમામ કાગળો મળેલાનુ સુનિશ્ચચીત કરી ઇન્સાફી કાર્યવાહી શરૂ કરેલી.

<u>કેસની કાર્યવાહીનુ સ્વરૂપ :–</u>

૪. વટાવખત અધિનિયમની કલમ–૧૪૩ ની કલમ મુજબ આ કેસની કાર્યવાહી સમરી સ્વરૂપે ચલાવવાની રહે છે, એટલે કે, આ કેસની કાર્યવાહી સંહિતાના પ્રકરણ ૨૨ મુજબ ચલાવી શકાય છે. આમ, વટાવખત અધિનિયમની કલમ–૧૪૩ મુજબ કેસની કાર્યવાહી સમરી સ્વરૂપે ચલાવવાની રહે છે. હાલનો કેસ સમરી ટ્રાયલ તરીકે ચલાવેલ છે.

<u>બી.એન.એસ.એસ.નીકલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન :–</u>

૫. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં આરોપીનું

બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતાં તેમાં તેમની રૂબરૂમાં ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલો, તેમાં આરોપીએ ફરીયાદીના પુરાવાનો ઈન્કાર કરી સોગંદ ઉપર જુબાની આપવી ન હોવાનુ તેમજ બચાવપક્ષના સાહેદો તપાસવા ન હોવાનુ જણાવી વિશેષમાં તેઓએ ફરીયાદી પાસેથી ફરીયાદમાં જણાવેલ કોઈ રૂા.૨,૦૦,૦૦૦/– લીધેલ નથી કે અમોએ ફરીયાદીને વ્યકિતગત કોઈ ચેક આપેલ નથી. ફરીયાદીએ તેઓના સિકયુરીટી પેટે આપેલ ચેકનો દુરઉપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે.

૬. ઉપરોકત હકીકત અંગે સદરહું કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>–: મુદ્દા :–</u>

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આંક–૧૦ વાળો ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

૮. ફરીયાદી તરફે વિ.વ.શ્રીનાએ દલીલ કરેલી છે કે, આ કામે ફરિયાદી એ પોતાનો કેસ પુરવાર કરેલ છે અને તમામ દસ્તાવેજ તથા મૌખીક પુરાવા થી પુરવાર કરેલ છે અને આરોપી અને ફરિયાદી વચ્ચે નો વ્યવહાર સાબિત થાય છે અને આરોપી ને નોટિસ આપેલી તેમ છતાં

કોઈ રકમ આપેલ નથી અને આરોપી એ કાયદા ના અનુમાનોનું ખંડન કરેલ નથી કે પુરવાર પણ કરેલ નથી કે આરોપીએ ફરિયાદીને કોઈ રકમ આપવાની ન હતી તેથી આરોપી ને પૂરેપૂરી સજા કરવા અને ફરિયાદીને યોગ્ય વળતર અપાવવા માટે વિનંતી કરે છે.

જ્યારે આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરિયાદી પોતાનું કોઈ કાયદેસર લેણું સાબિત કરી શક્યા નથી અને આરોપી અને ફરિયાદી વચ્ચે કોઈ વ્યવ્યહાર કરેલ છે તે પણ પુરવાર કરેલ નથી અને જ્યારે ફરિયાદી તથ્યોથી પોતાનો કેસ પુરવાર કરી શક્યા ન હોય ત્યારે કાયદાનું અનુમાન લાગુ પડે નહિ અને આરોપી સામે ખોટો કેસ કરેલ છે અને ખોટી રીતે ફસાવી દેવા માટે ખોટા પુરાવા ઉભા કર્યા છે તેથી આરોપી ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરે છે.

<u>-: કારણો :-</u>

૯. નિર્ણય માટે નીચે મુજબના કારણો આપવામાં આવેલ છે. મુદ્દા નંબર-૧ અને ૨ ની ચર્ચા ફરીયાદીની હકીકતોનું પુનરાવર્તન ન થાય અને એકબીજા સાથે સંકળાયેલ હોય તે હેતુથી એકસાથે કરવામાં આવેલ છે.

<u>ફરીયાદ સમય મર્યાદામાં થયેલ છે કે કેમ તે અંગેના કારણો :-</u>

૧૦. આ કામે ફરીયાદી ધ્વારા હાલનો ચેક તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ બેન્કમાં જમા કરાવેલ જે ચેક તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ રીટર્ન મેમા સાથે પરત ફરેલો જે જોતાં આંક-૧૨ વાળી તા.૦૨/૦૬/૨૦૨૫ ની નોટીસ આરોપીને સમય મર્યાદાની અંદર આપેલાનું જણાય છે. સદર નોટીસની બજવણી આરોપીના સરનામેં કરેલ છે તેમજ આરોપી ને નોટીસ બજી ગયેલ હોવાનુ રજી.એ.ડી.પહોંચ પરથી જણાય છે. જયારે હાલની ફરીયાદ તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ દાખલ કરેલ છે. જે ફરીયાદ, ફરીયાદીએ આરોપીને નોટીસ મળ્યા બાદ ૧૫ દિવસ વિત્યા બાદ લેણી રકમ ચુકવેલ ન હોય તેના ૩૦ દિવસની અંદર હાલની ફરીયાદ દાખલ કરવાની હોય જે ફરીયાદીએ સમય મર્યાદામાં

દાખલ કરેલ છે તેવુ કોર્ટનું તારણ છે.

<u>કોર્ટની હકુમત અંગે :–</u>

૧૧. હાલના ફરીયાદીએ સદરહું ચેક બેન્ક ઓફ બરોડા, ઈડર શાખામાં રજુ કરેલો જે હાલના ફરીયાદીએ પોતાનુ ખાતુ ધરાવતા બેન્કમાં રજુ કરવાનો હોય અને સદરહું બેન્ક ઇડર તાલુકાના એટલે કે,અત્રેની કોર્ટના ન્યાયક્ષેત્રમાં આવતી હોય જે જોતાં ફરીયાદીની ફરીયાદ યોગ્ય હકુમતમાં દાખલ થયેલ છે.

<u>પુરાવાના બોજા વિશે</u>

૧૨. એ પ્રસ્થાપીત હકીકત છે કે, ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલીનો સમય,શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે.તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ વંચાણે લેતા તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ,ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ –૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશતઃ ચુકવણી માટે ચેક આપેલો હતો "

<u>કાયદાકીય જોગવાઇ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ</u>

૧૩. આ કામે ફરીયાદીએ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ પ્રમાણેની ફરીયાદ દાખલ કરેલી હોય,નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનાનો આરોપી મુકવામાં આવેલ છે. તેથી આ કામે કલમ–૧૩૮ અને તેની સંલગ્ન કલમ–૧૪૨ ની કાનૂની જોગવાઈઓ તથા નામદાર સર્વોચ્ચ ન્યાયલય દ્વારા માર્ગદર્શક સિધ્ધાંત ધ્યાને લેવા જરૂરી જણાય છે જેથી આ તબક્કે નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા ***અપર્ણા એ. શાહ વિરૂધ્ધ શેઠ ડેવલપર્સ પ્રાઈવેટ***

લીમીટેડ, [**2013 (8) SCC 71**] ઉપર પ્રસિધ્ધ ચુકાદાના પેરેગ્રાફ નં.૮ ઉપર નીચે મુજબની ચર્ચા કરેલ છે.

8. In order to constitute an offence under Section 138 of the N.I. Act, this Court, in Jugesh Sehgal vs. Shamsher Singh Gogi, (2009) 14 SCC 683, noted the following ingredients which are required to be fulfilled:
"(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;
(ii) the cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;
(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;
(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;
(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;
(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice.
Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act."

૧૪. હાલના તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ***"ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ.ગુજરાત રાજ્ય" [2006(1) GLR 786]*** નો ચુકાદો જોતા નામદાર ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે ચેકમાંની સહી આરોપીની હોવાનુ પુરવાર થાય ત્યારે અદાલતોએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન કરવાનુ રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ***"કે.એન.બીના વિ.મુનીયપ્પન" [(2001) Cr.L.J. 1745]*** ના કેસમાં તથા નામદાર ગુજરાત વડી અદાલતે ***"હીતેનભાઈ પારેખ પ્રોપરાઈટર–પારેખ એન્ટરપ્રાઈઝ વિ.ગુજરાત રાજય અને બીજાઓ"***

[2009(3) GLH 742] ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો સદરહુ કાયદાની કલમ–૧૩૯ હેઠળની જોગવાઈ મુજબ જ્યાં સુધી વિરુદ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણકર્તાને આવો ચેક કોઈ દેવું અથવા અન્ય જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવુ અદાલતે અનુમાન કરવાનુ જ રહે છે.

૧૫. નામદાર સર્વોચ્ચ અદાલતે ***"કે.એન.બીના વિ. મુનીયપ્પન"*** *[(2001) Cr.L.J.1745]* ના ચુકાદામાં તથા ***"હીતેન પી. દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી"*** *[(2001) Cr.L.J. 4647]* ના ચુકાદામાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે ***"ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ. ગુજરાત રાજ્ય"*** *[2006(1) GLR 786]* ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન એ ખંડનીય અનુમાન છે, એટલે કે, આ અનુમાનથી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવાથી અનુમાનનુ ખંડન થઈ શકે છે પરંતુ આ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષની છે અને તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા/જવાબદારી પેટે ફરિયાદીને આપેલ ન હતો તે પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષ ઉપર રહેલી છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ***"હિતેન પી.દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી"*** *[(2001) Cr.L.J. 4647]* ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન હકીકતોનુ અનુમાન નથી પરંતુ કાયદાનુ અનુમાન છે અને આથી જ કાયદાના આવા અનુમાનનુ ખંડન સંતોષકારક એવા પુરાવાઓથી આરોપીપક્ષે કરવાનુ રહે છે એટલે કે,આ અનુમાનનુ ખંડન વાજબી અને પ્રતિતિજન્ય રીતે થઈ શકે તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવવાની જવાબદારી આરોપીપક્ષની છે.

૧૬. નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ***"હિતેન પી.દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી*** *[(2001) Cr.L.J. 4647]* ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, કાયદાના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ તેમના બચાવ માટે કરેલ ખુલાસો વાજબી અને સંભવીત હોવો તેટલું પુરતું નથી પરંતુ આ ખુલાસો સાચો છે તેવું લાગવું જોઇએ.

૧૭. આ કામે ફરીયાદી નિ:શંકપણે એવુ પુરવાર કરે છે કે, આરોપીએ આપેલો ચેક કાયદેસર લેણાં અને જવાબદારી પેટે આપેલ છે કે કેમ? તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીના શીરે છે. આ કામના ફરીયાદીએ આંક–૦૪ થી રજુ કરેલ સોગંદ પરની જુબાની વંચાણે લઇએ તો તેમાં ફરીયાદ મુજબના તથ્યોનું પુનરાવર્તન કરેલ છે. આરોપી તરફેથી ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ કે,એ વાત ખરી છે કે,હું ફાયનાન્સનુ લાયસન્સ ધરાવતી હોય શાહુકારના નીયમો થી વાકેફ છુ. એ વાત ખરી છે કે, ફરીયાદ સાથે આરોપીને લોન આપી તે અંગેનો કોઈ કાગળો જેવા કે લોન એગ્રીમેન્ટ, ધીરાણ અરજી ફોર્મ તેમજ ધિરાણ કર્યા અંગેનો પત્ર રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે, આ કામે આરોપીને લોન આપી હોય તે અંગેની જાણ, શાહુકાર ધારા મુજબ શાહુકારના અધિકારીને કરેલ હોય તે મુજબનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલો નથી. એ વાત ખરી છે કે, આરોપીને ધીરાણ આપેલ હોય અને આરોપીના ખાતામાં ધીરાણ ઉધારેલ હોય તે અંગેનો આધાર પુરાવો આ કામે રજુ કરેલો નથી. એ વાત ખરી છે કે, આરોપીને એકાઉન્ટ પેથી કોઈ ધીરાણ આપતી રકમ આપેલ હોય તેનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલો નથી.

૧૮. આ બાબતે આરોપીના મુખ્ય બચાવ બાબતે ચર્ચા કરીએ તો, આરોપીનો બચાવ છે કે, તેઓએ કોઇ લોન લીધેલી નથી અને આવો કોઇ ચેક પણ આપેલ નથી. જે રકમ લીધેલી હતી તેના ચુકવણા પેટે સિકયુરીટી પેટે ચેક આપેલ હતો.

આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ લેવામાં આવેલી. જેમાં ફરીયાદીએ સ્વીકારેલુ કે, જો આરોપીને લોન આપેલ હોય તો તેની જાણ શાહુકાર ધારા મુજબ શાહુકારના અધિકારીને જાણ કરેલી હોય તે મુજબનો કોઇ પુરાવો રજુ રાખેલ નથી અને આરોપી ધિરાણ આપેલ હોય કે તે અંગે કોઇ દસ્તાવેજો આ કામે આપેલા નથી.

૧૯. આ કામે ફરીયાદી ધ્વારા નિ:શંકપણે પુરવાર કરવાનુ હતુ કે, તેઓએ પોતાની ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીને રૂા.૨,૦૦,૦૦૦/– નુ ધિરાણ તા.૩૦/૧૨/૨૪ ના રોજ આપેલુ અને તે રકમની ચુકવણી પેટે હાલનો વાદગ્રસ્ત ચેક આપેલ હતો, પરંતુ ફરીયાદી પોતે જણાવતાં હોય કે તેઓએ ધિરાણ આપેલુ છે તો તે અંગેના ચોકકસ દસ્તાવેજો રજુ કરવા જોઈતા હતા. આ કામે ફરીયાદીએ પુરાવો રજુ કરવા માટે મુદતની માંગણી કરેલી પરંતુ આવા કોઇ દસ્તાવેજો રજુ કરેલા નહી. તેથી જયારે ફરીયાદી આરોપી સાથે થયેલ વ્યવહાર અંગેના કોઈપણ ઠોસ પુરાવા રજુ કરી શકતા ન હોય અને હિસાબ તેમની જાણમા હોવા છતાં કોર્ટ રૂબરૂના પુરાવામાં આવો હિસાબ રજુ કરતાં નથી, આ બાબત ધ્યાને લેતાં ફરીયાદીએ પોતાનો કે નિ:શંકપણે પુરવાર કરેલ નથી તેમ આ કોર્ટનુ માનવુ છે.જયારે ફરીયાદીની જાણમાં હોય અને તેમ છતા તેઓ હિસાબ કે વ્યવહાર પુરવાર કરેલ ન હોય અને ધિરાણ આપેલ છે તે અંગેના કોઇ દસ્તાવેજો રજુ કરેલા ન હોય, તેથી તેમની વિરૂધ્ધ Adverse Inference એટલે કે, વિરૂધ્ધનુ અનુમાન કરવાનુ રહે.

૨૦. ઉપરોક્ત હકીકતો જોતા બચાવ પક્ષની દલીલમાં તથ્ય જણાય છે. ફરીયાદી ઊલટતપાસમાં જણાવ્યા અનુસાર આરોપી સાથે થયેલ વ્યવહાર પુરાવો રજુ કરેલ ન હોય, તેથી ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ–૧૧૪(જી) ની જોગવાઇ મુજબ જયારે કોઈ પક્ષકાર કોઈ પુરાવો પોતાની પાસે હોય અને રજૂ કરતાં ન હોય ત્યારે તે પુરાવો જો રજૂ કરવામાં આવે તો તેની વિરુદ્ધનો હશે તેવું અનુમાન કરવાનું રહે

છે. આમ, ઉપરોક્ત ફરીયાદીના જવાબો અને આરોપી ધ્વારા લેવામાં આવેલ બચાવ ધ્યાને લેતા અને ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમાં સ્વીકારેલુ છે કે, આરોપીને આપેલ ધિરાણ અંગે કોઇ દસ્તાવેજ રજુ કરેલા નથી. વધુમાં આરોપી તરફેનો બચાવ એ હકીકત પરથી માનવા લાયક જણાય છે કે, ફરીયાદીએ આરોપીને ધિરાણ આપેલ તે અંગેની જાણ શાહુકારના અધિકારીને પણ કરેલી નથી અને આ બચાવને ફરીયાદીના સકારાત્મક જવાબો પરથી સમર્થન મળે છે અને તેથી આરોપી અને ફરીયાદી વચ્ચે વ્યવહાર થયેલ છે કે કેમ તેના કોઇ પુરાવા રજુ કરેલ ન હોય તેથી તે હકીકત સામાન્ય સંજોગોમાં માનવાલાયક નથી કે આરોપી અને ફરીયાદી વચ્ચે નાણાંકીય વ્યવહાર થયેલ હતો.

૨૧. આમ, ફરીયાદીએ પોતાના કેસના અને નેગો.એકટની કલમ-૧૩૮ ના તત્વો તથા ફોજદારી કાયદાનો સિધ્ધાંત કે ફરીયાદીએ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવો જોઇએ તે મુજબ હાલનો કેસ શંકાથી પર ફરીયાદી પુરવાર કરી શકેલ નથી અને નેગો. એકટની કલમ-૧૩૮ ના તત્વો મુજબ ફરીયાદીએ હાલની રકમ આરોપીને આપેલ છે કે કેમ તે અંગે આરોપી પક્ષે ખંડન થાય તેવો પુરાવો રજુ કરેલ હોય અને ફરીયાદી પોતે જે હકીકતો લઇને કોર્ટ સમક્ષ આવેલા છે તે પણ પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપવો જરૂરી બને છે.

ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં આરોપીએ પોતાના કાયદેસરના લેણાંની ચુકવણી પેટે ફરીયાદવાળો ચેક ફરીયાદીની તરફેણમાં આપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. ફરીયાદીની તરફેણમાં રહેલ કાનુની અનુમાનનું ખંડન કરી શકાય તેવી હકીકત આરોપી પક્ષ લાવવામાં સફળ રહેલ હોય આરોપી પોતાનો પ્રોબેબલ બચાવ પુરવાર કરી શકેલા હોય અને કાયદાની કલમ-૧૧૮ અને ૧૩૯ નુ વૈધાનીક અનુમાન તેમની તરફેણમાં થાય તેવા સંજોગો

દર્શાવવામાં નિષ્ફળ નિવડેલા હોય અને આરોપીનો બચાવ સંભવિત અને માનવાલાયક જણાતો હોય, ઉપરોકત મુદ્દા નં.૧ અને ૨ પરત્વેનો જવાબ ''નકારમાં'' આપી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

<u>–:: આખરી હુકમ ::–</u>

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૭૮(૧) અન્વયે આરોપી કાંન્તિભાઇ કાળાજી ચૌહાણનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ પ્રમાણે અપીલ સમય સુધીના રૂા.૨૫,૦૦૦/– પચ્ચીસ હજાર સુધીના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકો રજુ કરવો, તેમ કરવામાં કસુર કર્યેથી આરોપી ધ્વારા ચાલુ કામે આપવામાં આવેલ જામીન છ મહીનાના ગાળા સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, આ કામે ફરિયાદીએ હાથ ઉછીની રકમ આપેલ છે તેમ જણાવેલ હોય તેથી આ કામે રજૂ ફરિયાદી ની આંક–૧ વાળી ફરિયાદ, સોગંદનામુ, જુબાની તથા ચેક, બેંક રિટર્ન મેમો વિગેરે દસ્તાવેજોની નકલ આયકર વિભાગને હુકમની તારીખના ૧૦ દિવસમાં,જરૂરી આગળની કાર્યવાહી માટે ઇ–મેઇલથી મોકલી આપવી.

વધુમાં, આયકર વિભાગની કચેરીમાં આવે અને તે કચેરીને એવું લાગે કે તેઓની શાખાને સ્થાનિક હકૂમતનો બાધ નડે છે તો તેઓએ પોતાના ખાતાં મારફતે લાગુ પડતી હકૂમતની કચેરીને દસ્તાવેજો મોકલવા.

આવકવેરા ખાતાએ આ દસ્તાવેજો મળ્યા બાદ જરૂરી કાર્યવાહી કરવી અને તે અંગે જે કોઈ પગલાં લેવામાં આવેલ હોય તેનો આખરી અહેવાલ આ કોર્ટે ને બિનચૂક મોકલી આપવો.

હુકમ આજ રોજ તા.૨૨ મી, માહે:જુલાઇ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૨૨/૦૭/૨૦૨૬
સ્થળ–ઈડર

(વિપ્લવ એચ.તૈરૈયા)
એડી.જયુડી.મેજી.ફ.ક.,ઈડર.
કોડ નં.જીજે ૦૧૬૮૧

//M.B.S.//